મહત્તમ : ૩૮.૬ ડીગ્રી
લઘુતમ : ૨૮.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૩૬ ટકા

ગાંધીનગર તાપમાન

પ્રકૃતિના બદલાતા રૂપમાં જાણે ધરતીએ ગુલાબી ઓઢણી ઓઢી છે અને ગરમાળાનો શણગાર છે. આ દૃશ્ય થોડા દિવસ જ જોવા મળશે. ત્યારબાદ લીલી ઓઢણી લીલા શણગાર સાથે માથાબોળ નાહ્યેલી નવોઢાના વાળમાંથી ટપકતા પાણીની બુંદ જેમ ધરતીનું નવું અનન્ય સ્વરૂપ જોવા મળશે. તો ચાલો ગ્રિષ્મઋતુના વધામણાં કરી વર્ષાને આવકારીએ.

સે-૩માં પરિવાર ધાબે સુઈ રહ્યું અને તસ્કરો કળા કરી ગયા

બંધ મકાનનું તાળું તોડી તસ્કરો સોના-ચાંદીના દાગીના ઉઠાવી રફુચક્કર

ગાંધીનગર, તા.૧૫

શહેરમાં તસ્કર ટોળકીનો આતંક વધી રહ્યો છે ત્યારે સેક્ટર-૩ સી ખાતે વધુ એક ઘરફોડ થઈ હોવાનું ધ્યાને આવ્યું છે. રાત્રી દરમિયાન પરિવાર ઘરના ધાબા ઉપર સૂઈ રહ્યું હતું ત્યારે તસ્કરોએ તેમના બંધ મકાનને ટાર્ગેટ કરીને મકાનનું તાળું તોડી અંદર ઘૂસીને સોના ચાંદીના દાગીના તથા રોકડ મળી રૂપિયા ૭૫ હજારની મત્તા ઉઠાવી રફુચક્કર થઈ ગયા હતા. મધરાત્રે માલમત્તા ચોરી ને ભાગી રહેલી ટોળકીને ધાબા પરથી મકાનમાલિક જોઈ પણ ગયા હતા. પરંતુ તેમણે બૂમાબૂમ શરૂ કરી ત્યાં સુધીમાં બાઈક પર આવેલા તસ્કરો અંધારામાં ઓગળી ગયા હતા. સેકટર-૭ પોલીસે મકાનમાલિકની ફરિયાદના આધારે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

શહેરના સેકટર-૩-સી પ્લોટ નંબર ૧૪૭/૭ ખાતે રહેતા રીકેશભાઈ હસમુખભાઈ પટેલ ગ્રાફિક્સની દુકાન ચલાવે છે. ગઈરાત્રે રીકેશભાઈ નિત્યક્રમ મુજબ તેમના પરિવાર સાથે પોતાના ઘરના ધાબા ઉપર સૂઈ રહ્યા હતા ત્યારે તેમના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી તેમના મકાનનું તાળું તોડી અંદર ઘુસ્યા હતા. મકાનમાં ઘૂસીને બંને રૂમોના તિજોરીના તાળા તોડી તસ્કરોએ સામાન વેરવિખેર કરી નાંખ્યો હતો અને અંદરથી સોના-ચાંદીના દાગીના અને રોકડ શોધી કાઢી હતી. રૂપિયા ૭૫ હજારની મત્તાનો સામાન ચોરી તસ્કર તુર્કી બાઈક પર સરકી જવા પ્રયત્ન કરતી હતી ત્યારે ધાબા પર સૂતેલા મકાનમાલિક રીકેશભાઈ જાગી ગયા હતા અને ભાગી રહેલા તસ્કરોને પકડવા બૂમાબૂમ કરી હતી પરંતુ ત્યાં સુધીમાં તસ્કરો બાઈક પર રફુચક્કર થઈ જવામાં સફળ રહ્યા હતા. રીકેશભાઈની ફરિયાદના આધારે સેકટર-૭ પોલીસે ગુનો દાખલ કરી ફિંગર પ્રિન્ટ નિષ્ણાત અને ડોગ સ્કોડ બોલાવી તસ્કરો સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે.

ખેલ મહાકુંભ-૨૦૧૮ માટે ટૂંકમાં જ રજીસ્ટ્રેશન શરૂ થશે

ગાંધીનગર, તા.૧૫

રમત-ગમત યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા 'ખેલ મહાકુંભ-૨૦૧૮' માટે તડામાર તૈયારીઓ શરુ કરવામાં આવી છે. ટૂંક સમયમાં રમતવીરો અને નાગરિકો માટે રજીસ્ટ્રેશનનો આરંભ થશે. રમતગમત વિભાગે તહેવારો અને પરીક્ષામાં રમતવીરોને તકલીફ ન પડે ત રીતે સમગ્ર આયોજન કર્યું છે.

રમતગમત ક્ષેત્રે ગુજરાતના ખેલાડીઓ વિશ્વકક્ષાએ ગુજરાત અને ભારતનું નામ રોશન કરે તેવા ઉમદા હેતુથી વર્ષ ૨૦૧૦ તત્કાલિન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રમશે ગુજરાત, જીતશે ગુજરાતના સ્લોગન સાથે ગુજરાત ખેલ મહાકુંભની શરૂઆત કરી હતી. દર વર્ષે સ્વાસ્થ્ય અંગે જાગ્રિત, ખેલના વાતાવરણનું નિર્માણ તથા ખેલાડીઓની પ્રતિભાશોધન માટે આ ખેલમહાકુંભનું આયોજન થાય છે. વર્ષ ૨૦૧૭માં ૯ થી ૬૦ વર્ષની ઉંમરના રમતવીરો જોડાયા હતા. જેમાં રાજયભરમાંથી ૪૦ લાખ જેટલા રમતવીરોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું અને ૩૧ લાખ જેટલા ખેલાડીઓ સમગ્ર ગુજરાતમાંથી જોડાયા હતા અને પ્રા. શાળા, ગ્રામ્ય કક્ષા, તાલુકા કક્ષા, જિલ્લા કક્ષા અને મહાનગર પાલિકા કક્ષાએ જુદી જુદી રમતોમાં ભાગ લીધો હતો ત્યારે ૨૦૧૮માં ૪૦ લાખથી પણ વધારે રમતવીરો જોડાય તેવી સંભાવનાઓ છે.

૨૦૧૮માં પણ ૩૧ રમતોની જુદી જુદી ઈવેન્ટો યોજાશે. જેના માટે રમતગમત વિભાગ તડામાર તૈયારીઓ કરી રહ્યું છે અને ટૂંક જ સમયમાં ખેલ મહાકુંભ ૨૦૧૮ માટે રજીસ્ટ્રેશન શરુ થશે રમતગમત વિભાગે ખેલ મહાકુંભમાં ભાગ લેનાર ખેલાડીઓને તહેવારો અને પરીક્ષામાં તકલીફ ન પડે તેવું ખાસ આયોજન કર્યું છે. ગુજરાત રમત ગમત અને યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સ્પોર્ટસ ઓથોરિટી, પંચાયત વિભાગ, શિક્ષણ વિભાગ, વિવિધ રમત મંડળ, એસોસીએશન વગેરે આ આયોજનમાં જોડાશે.

સેક્ટર-૭માં ઝાડ પરથી પડી જતાં યુવાનનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૫

શહેરના સેકટર-૭ સરકારી ક્વાટર્સમાં શોપિંગની પાસે રહેતો ૨૦ વર્ષીય યુવાન ઈશ્વર મીણા પોતાના ઘર પાસેના એક ઝાડ ઉપર ચડયો હતો. અચાનક ઝાડ પરથી નીચે પટકાતા ઈશ્વર મીણા ગંભીર રીતે ઘવાયો હતો અને તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવામાં આવ્યો હતો. ગઈ સાંજે બનેલી આ ઘટનામાં ઘાયલ ઈશ્વર મિણાનું હોસ્પિટલમાં જ સારવાર દરમિયાન કરૂણ મૃત્યુ નીપજ્યું હતું. ઘટનાની જાણ સેકટર-૭ પોલીસને થતાં પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી યુવાન ઝાડ પરથી કેવી રીતે પટકાયો તેની તપાસ શરૂ કરી છે.

મુક્તિધામનું સંચાલન હવે ગાંધીનગર મહાનગરપાલિકાના શિરે

ગાંધીનગર, તા.૧૫

શહેરના સે-૩૦ સ્થિત મુક્તિધામનું સંચાલન છેલ્લા ૯ વર્ષથી જુનિયર સિટીઝન્સ કાઉન્સિલ દ્વારા કરવામાં આવતું હતું. સંચાલકો પરના અતિશય કાર્યભારના કારણે ટ્રસ્ટીમંડળ અને સંચાલકમંડળ દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકાને અપીલ કરાતા તા. ૧-૬-૨૦૧૮થી મુક્તિધામનું સંચાલન મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવશે.

જુનિયર સિટીઝન્સ કાઉન્સિલ દ્વારા જણાવાયું છે કે, જુસિકાની અન્ય સેવાકીય પ્રવૃત્તિઓ જેવી કે, એમ્બ્યુલન્સ સેવા, શબવાહિની સેવા, ચક્ષુદાન-દેહદાનની સવા, અંતિમ સંસ્કારના સામાનનું વિનામૂલ્યે વિતરણ તેમજ આરોગ્ય સુરક્ષાના સાધનો વપરાશમાં આપવા જેવી પ્રવૃત્તિઓ રાબેતા મુજબ ચાલુ જ છે. જરૂરિયાત ઉદભવે ત્યારે ૨૪ કલાક કાર્યરત રહેત જુનિયર સિટીઝન્સ કાઉન્સિલ ખાતે સંપર્ક કરી શકાશે. આ ઉપરાંત જુસિકાએ મુક્તિધામના સંચાલન દરમિયાન શહેરના સેવાભાવી નાગરિકો, સ્વૈચ્છિક સંસ્થાઓ, સરકારી કચેરીઓ, પત્રકારો તેમજ મહાનગરપાલિકાના તમામ અધિકારીઓ-કર્મચારીઓનો સહકાર બદલ આભાર માન્યો હતો.

સરગાસણ પ્રાથમિક શાળાનો શાળા પ્રવેશોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર તાલુકાના સરગાસણ ખાતે સરકારી પ્રાથમિક શાળા, એમ. એન. વિદ્યા મંદિર તથા આંગણવાડીના સંયુક્ત ક્રમે ધોરણ ૧ અને ધોરણ ૯ ના બાળકોનો પ્રવેશોત્સવ આજે ઉજવાયો હતો. આ પ્રવેશોત્સવમાં ગાંધીનગરના નાયબ વનસંરક્ષક એ. જે. અમીન મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ પદે સરગાસણ ગામના સરપંચ ગીતાબેન પ્રજાપતિ, સીઆરસી કોર્ડીનેટર જશુભાઈ પટેલ,

માધ્યમિક શાળાના આચાર્ય શાલીનભાઈ પટેલ, આરોગ્ય કર્મચારી સંગીતાબેન પટેલ, સરગાસણ પ્રાથમિક શાળાના આચાર્ય સ્તુતિબેન જોશી તથા શાળાના કર્મચારીઓ અને ગ્રામજનો તેમજ બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરમાં કેમ્પસમાં યોજાયો હતો. આ પ્રસંગે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. શાળા પ્રવેશોત્સવ પ્રસંગે સરગાસણ પ્રાથમિક શાળાને રૂ. ૧.૦૯ લાખનું લોકફાળાથી દાન પ્રાપ્ત થયું હતું જેમાં શાળાના કર્મચારીઓએ રૂ.૬૮હજાર જેવો ફાળો આપ્યો હતો. મુખ્ય મહેમાન એ. જે. અમીને શાળા કર્મચારીઓને બિરદાવ્યા હતા.

પરણિતા પર ત્રાસ ગુજારી પાંચ લાખની માંગણી કરનાર સાસરીયાઓ સામે ફરિયાદ

ગાંધીનગર, તા.૧૫

ગાધીનગર નજીક આવેલા પેથાપુર ખાતેની એક સોસાયટીમાં પોતાના પિયરમાં રહેતી એક પરણિતાએ ચાંદખેડા રહેતા પોતાના પતિ સહિત સાસરીના છ સભ્યો સામે પેથાપુર પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી છે. પરિણીતા ઉપર શારીરિક-માનસિક ત્રાસ ગુજારી પાંચ લાખની માંગણી કરી પરણિતાને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો આક્ષેપ સાસરીયા સામે કરવામાં આવ્યો છે. પેથાપુર પોલીસે ૬ સાસરીયાઓ સામે ગુનો દાખલ કરી ગુનાની ઊંડી તપાસ શરૂ કરી છે.

પેથાપુર ખાતે શ્રીનાથ સોસાયટીમાં રહેતી પરણિતા રેખાબેન રમેશકુમાર પ્રજાપતિએ પેથાપુર પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી છે કે તેમના પતિ રમેશકુમાર ચીમનલાલ પ્રજાપતિ સહિત તેમના સાસરીનાં અન્ય સભ્યોએ મળી રેખાબેન ઉપર શારીરિક-માનસિક ત્રાસ ગુજાર્યો છે. વર્ષ ૨૦૦૨થી ૨૦૧૫ દરમિયાન રેખાબેનને ત્રાસ આપી પાંચ લાખ રૂપિયાની માગણી કરી અવાર નવાર મારઝૂડ કરી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હોવાનું પણ ફરિયાદમાં ઉલ્લેખ છે. આ મામલે પેથાપુર પોલીસે રેખાબેન રમેશકુમાર પ્રજાપતિની ફરિયાદના આધારે પતિ રમેશકુમાર પ્રજાપતી ઉપરાંત સાસરીના અન્ય સભ્યો ભરતભાઈ ચીમનભાઈ પ્રજાપતિ, કંચનબેન ભરતભાઈ પ્રજાપતિ, નિશાંત ભરતભાઈ પ્રજાપતિ, રાજુ ભીખાભાઈ પ્રજાપતિ અને નટવરભાઈ છનાભાઇ પ્રજાપતિ મળીને ચાંદખેડા રહેતાં સાસરીના તમામ છ સભ્યો સામે પેથાપુર પોલીસે ગુનો દાખલ કરી રેખાબેનની ફરિયાદ ઉપર ઊંડી તપાસ શરૂ કરી છે.

ગાંધીનગરમાં ટપાલ સેવાઓ નિયમિત બનાવવા જાગૃત નાગરિક પરિષદની માંગણી

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરની ટપાલ સેવાઓ ઉચ્ચ કક્ષાની બનાવવા માટે ફાળવેલ જમીનના પ્લોટસ ઉપર પોસ્ટ ઓફિસનું મકાન ઝડપથી બાંધવા, ઈન્ટરનેટ સેવાઓ ઝડપી કરવા, નિયમિત ટપાલની વહેંચણી કરી શકાય તે માટે ટપાલીઓની ભરતી કરવા જાગૃત નાગરિક પરિષદે પોસ્ટ ખાતા સમક્ષ ૧૧ મુદ્દામાં વિસ્તૃત રજુઆત કરેલ છે.

જાગૃત નાગરિક પરિષદના પ્રમુખ જયોતિન્દ્રભાઈ દવે, ઉપપ્રમુખ એસ.ડી.આર. મલિક સાથે પોસ્ટ સુપ્રિન્ટેન્ડેન્ટશ્રીએ ગાંધીનગર પોસ્ટલ સેવાઓ સુધારવા અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરી હતી. ગાંધીનગરના સ્ટેટ કેપિટલના દરજ્જાને લક્ષમાં લઈ વિશેષ કિસ્સામાં મંજૂરીઓ મેળવવી જોઈએ.

ગાંધીનગર પોસ્ટ ઓફીસોમાં ઝડપી ઈન્ટરનેટ કનેકટીવીટી આપી શકાતી નથી તેથી નાગરિકોને સમયસર સેવાઓ મળતી નથી. આ સંદર્ભે ઉચ્ચ કક્ષાએ રજૂઆત થવી જોઈએ અને ભારત સરકારે પોસ્ટ ઓફિસોને બેન્કીંગ દરજ્જો આપીને તેને અપગ્રેડ કરવાની યોજના જાહેર કરી છે ત્યારે ગાંધીનગરની પોસ્ટ ઓફિસોની હાલત તદ્દન કંગાળ છે. વળી ટપાલ વહેંચણીનું કામ ખૂબ અનિયમિત અને વિલંબથી થાય છે તો ટપાલીની નવેસરથી ભરતી કરવી જોઈએ આમ આવા વિવિધ પ્રશ્નો અંગે પોસ્ટ ખાતાના અધિકારી સાથે વિસ્તૃત ચર્ચા કરાઈ હતી તેમ મહામંત્રી નિરંજન ઓઝાએ જણાવ્યું હતું.

મોબાઈલ લુંટના ગુનામાં નાસતો-ફરતો આરોપી ઝડપાયો

સે-૧ ઉમાંથી ચોરાયેલા પલ્સર બાઈક સાથે એક શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર એલસીબી પી.આઈ તરલ ભટ્ટની સૂચનાથી તેમની ટીમ મિલકત સંબંધિત ગુનાઓના ભેદ ઉકેલવા તથા નાસતા-ફરતા આરોપીઓ પકડવા સક્રિય થઈ છે ત્યારે એલસીબીની ટીમે મોબાઈલ લૂંટના ગુનામાં નાસતો-ફરતો આરોપી પકડી પાડયો છે તો બીજી તરફ સેકટર-૧ ઉ માંથી ચોરાયેલા પલ્સર બાઈક સાથે પણ એક શખ્સને દબોચી લીધો છે.

અમદાવાદના નહેરૂનગર વિસ્તારમાં રહેતો જીતેન ઉર્ફે જીતિયો નારણ સોલંકી પોતાના

સાગરીતો સાથે મળીને એકટીવા લઈ ગાંધીનગર આવતો હતો અને રસ્તામાં મહિલાઓ અથવા ઉમરલાયક વ્યકિતઓને એકલદોકલ જતા જોઈ તેમને ટાર્ગેટ કરી તેમના મોબાઈલ લુંટી ભાગી જતો હતો. ઈન્ફોસિટી અને સેકટર-૨૧ પોલીસ સ્ટેશનની હદમાં તેના વિરૂદ્ધ ૩ મોબાઈલ લૂંટના ગુનાઓ દાખલ થયેલા છે. ઘણા સમયથી નાસતા ફરતા આરોપીને એલસીબીની ટીમે પકડી પાડયો છે. તો બીજી તરફ અઢી માસ અગાઉ શહેરમાંથી ચોરાયેલા પલ્સર બાઈક સાથે સેકટર-૨૯ જલારામ મંદિર પાસેથી લાલા રમેશ દેવીપૂજક નામના શખ્સને પકડી પાડવામાં આવ્યો છે.

@ગાંધીનગર

● ગાંધીનગર જિલ્લામાં આયુર્વેદિક દવાખાનાઓમાં સવારે ૯ થી ૧૨.૩૦ વાગ્યા દરમિયાન પાંચ વર્ષ સુધીના ભૂલકાઓને સુવર્ણપ્રાશનના ટીપા પીવડાવવામાં આવશે.

● ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે રાત્રે ૮.૩૦ કલાકે એ/૪, સાંઈનાથ કોમ્પ્લેક્ષ, ટેકનિકલ સ્કૂલ પાસે, કલોલ-ગાંધીનગર ખાતે સુંદરકાંડના પાઠ યોજાશે.

● ગોસ્વામી દિલીપભારતી બાપુની વ્યાસપીઠે રાત્રે ૮ કલાકે શ્રી હરિ હનુમાનજી મંદિર ગોલ્ડ ફલેટ-શિવાલય ફલેટની પાછળ, કુડાસણ ગાંધીનગર ખાતે રામચરિતમાનસ પંચમ સોપાન સુંદરકાંડના પાઠ યોજાશે.

● સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, સેકટર-૧૭ ખાતે સાંજે ૬ કલાકે લાયન્સ, લાયોનેસ અને લીયો કલબ ગાંધીનગરનો પદગ્રહણ સમારોહ યોજાશે.

પૂર્ણ પુરૂષોતમ ભગવાનની અસીમ કૃપાથી સેકટર-૫ એ ખાતે આવેલ પંચમુખી મહાદેવના મંદિરમાં ભગવાન મહાદેવના સાનિધ્યમાં રાધા-કૃષ્ણ મંડળ દ્વારા પુરૂષોતમ માસની ધામધુમથી ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણીમાં મંડળના સભ્યો તથા આચાર્ય પ્રકાશભાઈ તેમજ આયોજક નિરુબેન નાયક અને તમામ મંડળના સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શુક્રવારના રોજ સવારે ૧૦ કલાકે શરુ થયેલી પૂજા-અર્ચના શનિવારના રોજ બપોરે ૧ કલાકે પૂર્ણ થશે. આ બે દિવસીય ધાર્મિક ઉત્સવમાં વસાહતી ભાઈ બહેનોએ મોટી સંખ્યામાં દર્શનનો લાભ લીધો હતો.

ચોમાસાની સિઝનને પગલે સિવિલના ધાબાઓની સફાઈ કામગીરી હાથ ધરાઈ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર સિવિલમાં હાલના સમયે ધાબાઓની સફાઈની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. ચોમાસાની સિઝનને પગલે ધાબામાંથી વરસાદી પાણીનો નિકાલ યોગ્ય રીતે થઈ શકે તેમજ પાણીનો ભરાવો ના થાય તે માટે તંત્ર દ્વારા ધાબાઓની સફાઈ હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર વહીવટી તંત્ર દ્વારા પણ હાલના સમયે પ્રિ-મોન્સુન કામગીરી ચાલી રહી છે. શહેરના માર્ગોની આસપાસ આવેલ ગટરોમાંથી કચરો કાઢીને તેને ચોખ્ખી કરી દેવામાં આવી છે. જેથી વરસાદી પાણીનો યોગ્ય રીતે નિકાલ થાય અને માર્ગ પર બિન જરૂરી ભરાવો ના થાય. તેવી જ રીતે ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પણ વર્ગ-૪ ના કર્મચારીઓ દ્વારા હાલ ધાબાઓમાં કચરો તેમજ અન્ય ચીજવસ્તુઓ પડી હોય તેની સફાઈની કામગીરી ચાલી રહી છે. ચોમાસાની સિઝન નજીકમાં છે ગમે ત્યારે વરસાદ વરસે તેવી સ્થિતિ છે. આકાશમાંથી વાદળો વરસતા નથી વાદળો વરસે તેની રાહ નાગરીકો જોઈને બેઠા છે. ત્યારે સિવિલ અને મેડીકલ કોલેજ સહિત હોસ્ટેલના ધાબા પરથી વરસાદી પાણીનો યોગ્ય નિકાલ થાય તે માટે તંત્ર દ્વારા આગોતરા આયોજનના ભાગરુપે સફાઈ કરવામાં આવી છે. ધાબા પર કચરાના ઢગ અને આડસરૂપ અન્ય કચરાને પગલે પાણીનો ભરાવો થાય અને મચ્છર ઉત્પન્ન થાય તેવી સ્થિતિનું નિર્માણ થાયતે પહેલા કામગીરી હાથ ધરાઈ છે. તમામ ધાબા તંત્ર દ્વારા ચોખ્ખા કરી દેવાયા છે. જેમાં મેડીકલ કોલેજ બિલ્ડીંગ, ઓપીડી બિલ્ડીંગ, તાત્કાલીક વિભાગ બિલ્ડીંગ, આઠમાળની નવી બિલ્ડીંગ તેમજ તબિબિ વિદ્યાર્થીઓની હોસ્ટેલના ધાબાઓ સહિત મોટાભાગની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. ટુંક સમયમાં અન્ય બાકી રહેલા ધાબાની સફાઈ પણ પૂર્ણ કરી દેવાશે. સિવિલમાં વરસાદી પાણીનો ભરાવો ના થાય તે માટે તંત્રએ પહેલા થી સાવચેતીના પગલા ભર્યા છે.જયારે પાણીનો ભરાવો ધાબામાં થતા પાણી લીકેજના પ્રશ્નો પણ ઉઠવા પામે છે.

ચિરવિદાય

- સ્વ. ભીખીબેન રતુજી ઠાકોર, ઉ.વ. ૪૨
- સ્વ. ઠાકોર કુંવરજી રામસંગજી, ઉ.વ. ૫૦